

# ડીસામાં કોંગ્રેસ, ગુજરાત પરિવર્તન પાર્ટીની અને અપક્ષની બાઈક રેલી

ડીસા શહેરમાં વિધાનસભાના ઉમેદવારની બાઈક રેલી નીકળી હતી. વિજયના વિશ્વાસ સાથે નીકળેલી રેલીઓએ શહેરમાં આકર્ષણ ખડું કરતા ચુંટણીનો રંગ જામ્યો હતો. સવારે ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર અજમલજી નાથુજી ઠાકોરની બાઈક રેલી નીકળી હતી જેમાં અજમલજી ઠાકોર તેમજ તેમના સમર્થકો ઓધારજી ઠાકોર, કલ્યાણભાઈ મિસ્ત્રી, રમેશભાઈ ઠક્કર સહિત જી.પી.પી. ના કાર્યકરો જોડાયા હતા જેમાં ૧૫૦ થી વધુ બાઈકો જોડાયા હતા જ્યારે બપોર બાદ કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્ર ધુડાલાલ જોષીની વિશાળ બાઈક રેલી નીકળી હતી જેમાં કોંગ્રેસ ઝીંદાબાદના નારા સાથે કાર્યકરોએ શહેરના વિવિધ માર્ગો પર વિચરણ કર્યું હતું. જ્યારે બપોરે અપક્ષ ઉમેદવાર મંગળજી મદરૂપજી માળી એ ટેકેદારો સાથે બાઈક રેલી કાઢી હતી જેમાં મોટી સંખ્યામાં સમર્થકો અને મતદારો રેલીમાં જોડાયા હતા. (તસ્વીર : રમેશ)

## એસ.ટી. બસોને ગામમાં નહીં પ્રવેશવા દેતાં ગ્રામજનો નારાજ

ઊંઝા, તા.૧૪

ઊંઝા નજીકના સુપ્રસિધ્ધ યાત્રા સ્થળ ઉનાવા ખાતે મીરાંદાતારના ભરાયેલ મેળામાં ટ્રાફિક નિયમન કરવામાં નિષ્ફળ નિવડેલ પોલીસે સત્તાના જોરે ગામના પ્રવેશ દ્વારો પર બેરીકેટ મૂકીને એસ.ટી. બસોને ગામમાં નહીં પ્રવેશવા દેતાં બસો બાયપાસ હાઈવે પરથી બારોબાર નીકળતાં બહારના યાત્રિકો તેમજ સ્થાનિક મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

ઉનાવા ગામમાંથી પસાર થતા જૂના હાઈવે પર મુખ્યત્વે એસ.ટી.ની બસો અને નાના વાહનોની અવર જવર થાય છે. જયારે અન્ય નાના મોટા વાહનો બાયપાસ રોડ પરથી પસાર થઈ જાય છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી મીરાંદાતારના તેમજ હમઝાપીરના ભરાતા મેળામાં બહારથી નાના દુકાનદારો તેમજ યાત્રિકો આવતા હોઈ અહીં ટ્રાફિકનું નિયમન કરવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડે છે અને ટ્રાફિકના બહાનાને આગળ ધરી ઊંઝા પોલીસ દ્વારા ગામમાં આવતી એક માત્ર બસોને ગામમાં પ્રવેશતી અટકાવી દેવાય છે.

આ વર્ષે પણ મીરાંદાતારનો હાલમાં મેળો ચાલી રહ્યો હોઈ બહારથી યાત્રિકો અને દુકાનદારો આવ્યા છે ત્યારે ટ્રાફિકના પ્રશ્નને આગળ ધરીને પોલીસે ગામમાંથી પસાર થતી બસોને બેરીકેટ મૂકીને અટકાવી દીધેલ છે. પરિણામે ઉનાવામાંથી શાળા કોલેજમાં અભ્યાસ અર્થે જતાં અસંખ્ય વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ, નોકરીયાતો, ધંધાર્થીઓ તેમજ બહારના યાત્રિકોને પારાવાર હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

એસ.ટી. બસોમાં બેસવા માટે મુસાફરો, યાત્રિકોને દોઢેક કિ.મી. દૂર બાયપાસ હાઈવે પરના સ્ટેન્ડ પર ચાલીને જવું આવવું પડે છે. આ સાથે શાળા કોલેજમાં અભ્યાસ અર્થે જતા આવતા વિદ્યાર્થીઓની હાલત દયનીય બની છે. એક તરફ કેટલીય બસો ગામમાં ન આવતાં બાયપાસ હાઈવે પરથી બારોબાર પસાર થઈ જાય છે. ત્યારે પોલીસની આવી ખોટી કાર્યપધ્ધતિથી બારોબાર બસો હંકારીને જતા ડ્રાઈવર-કડંકટરોને મોકળું મેદાન મળી રહે છે. પોલીસ દ્વારા મેળા દરમિયાન ગામમાં આવતી બસોને અટકાવી દેવાતા ગ્રામજનોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.





## પ્રાંતિજમાં મતદાન જાગૃતિ રેલી યોજાઈ

પ્રાંતિજ શહેરમાં આજે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા મતદાર જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં નગરપાલિકાના કર્મચારીઓ, વિવિધ સ્કુલના વિદ્યાર્થીઓ અને નગરજનો જોડાયા હતાં. પ્રાંતિજ નગરપાલિકા દ્વારા મતદાન ફરજીયાત કરવું તેમજ પોતાના મતની કિંમત સમજાય તે હેતુથી મતદાન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું આ રેલીમાં ભાખરીયા બસ સ્ટેન્ડથી એપ્રોચ રોડ સુધી મોટી સંખ્યામાં વિવિધ સુત્રોના બેનરો સાથે વિદ્યાર્થીઓ જોડાયા હતાં. જેમાં સંદિપ પટેલ, નટુભાઈ બારોટ, કોર્પોરેટરો, નગરપાલિકા પ્રમુખ ઉષાબેન, સોનલબેન ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ડીસા આર.ટી.ઓ. પાસે બાઈક સ્લીપ ખાતાં મહિલાનું મોત

ડીસા શહેરમાં રહેતા ગણપતભાઈ માળી અને તેમના પત્નિ ભાવનાબેન માળી (ઉ.વ.૩૦) ગત સાંજના સુમારે બાઈક નં. જી.જે.૮.કે.૯૯૯૦ પર ડીસા તરફ આવી રહ્યા હતા ત્યારે આર.ટી.ઓ. ચેક પોસ્ટ પર એકાએક બાઈક સ્લીપ ખાઈ જતાં બન્ને પતિ-પત્નિ રોડ પર પટકાયા હતા જેમાં બાઈક પર પાછળ બેઠેલ ભાવનાબેન માળીને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થતાં ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજતાં તેમના મૃતદેહને સરકારી હોસ્પિટલ ખાતે લવાયો હતો.

## સમાચાર ઝલક

- સરકારી નોકરીમાં બઢતી માટેના કાયદા સામે ઉત્તરપ્રદેશમાં ૧૮ લાખ સરકારી કર્મચારીઓ હડતાળ પર.
- દાહોદ નજીક મહિલા પોલીસવાન કૂવામાં ખાબકી !
- જામનગરમાં વરસાદનાં અમી છાંટણાં થયા !
- નવેમ્બર માસના મોંઘવારીમાં નજીવો ઘટાડો.
- કાશ્મીર, વૈષ્ણવદેવી, હિમાલયમાં ભારે બરફવર્ષા.
- સી.બી.આઇ. પર રાજકીય નેતાઓનું દબાણ હોઇ શકે : ભૂતપૂર્વ વડા શ્રી મિશ્રા.
- ઇરાકમાં બોમ્બ વિસ્ફોટથી ૬ વ્યક્તિઓનાં મોત.
- અર્થવ્યવસ્થામાં વધુ સુધારા થશે : નાણામંત્રી.
- બિહારમાં ૪૭ નકસલવાદીઓએ શરણાગતિ સ્વીકારી.
- જૂનાગઢમાં જૂનું મકાન ધારાશાયી થયું, ૨ વ્યક્તિઓનાં મોત.
- સ્પેનમાં પગાર કપાતથી કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા.
- અમરનાથમાં વધુ સવલતો પૂરી પાડવા સુપ્રીમકોર્ટનો નિર્દેશ.

## હિંમતનગરના સાબરદાણ નજીક મારૂતિ કારનું ટાયર ફાટતા વૃધ્ધાનું મોત ત્રણને ઈજાઓ

હિંમતનગર, તા.૧૪

હિંમતનગર તાલુકાના હાજીપુર નજીક શુક્રવારે સવારે મારૂતિ કારનું ટાયર ફાટતા અકસ્માત સર્જાયો હતો. જમાં એક વૃધ્ધ મહિલાનું મોત નિપજયું હતું. જયારે ત્રણ વ્યકિતને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ ૬૧ અંજલી પાર્કમાં રહેતા મહેશભાઈ અંબાલાલ દરજી ચારેય મારૂતિ કાર નંબર જીજે-૧ ૪૫૭૩માં પ્રાંતિજના કરોલમાં બેસણા અર્થે ગયા હતા જયાંથી પરત હિંમતનગર આવતા હતા ત્યારે હિંમતનગરના સાબરદાણ નજીક સવારે ૧૦ વાગ્યાના સુમારે મારૂતિનું ટાયર ફાટતા કાર ત્રણ પલટી ખાઈને માર્ગની બીજી બાજુએ ઉંધી પડી હતી જે અકસ્માતમાં ચારેયને શરીરે ઈજાઓ થઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફતે હિંમતનગર હોસ્પિટલમાં ખસેડાયેલ જયાં સારવાર દરમિયાન બપોરે ૧.૧૫ કલાકે ૬૩ વર્ષીય મધુબેન અંબાલાલ દરજીનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. જયારે ત્રણ ઈજાગ્રસ્તો હિંમતનગર સિવિલમાં સારવાર હેઠળ છે આ બનાવ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે વસંતભાઈ અંબાલાલ દરજીએ ફરિયાદ નોંધાવતા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજના વદરાડ ગામે જૈન મંદિરમાંથી તસ્કરો ૮૦ હજારની મત્તા લઈ પલાયન

પ્રાંતિજ, તા. ૧૪

પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામમાં આવેલ જૈન મંદિરમાં ગતરાત્રીએ તસ્કર ટોળકીએ મંદિરનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી છત્ર, હાર સહિત કિંમતી આભુષણો અને દાનપેટી મળી રૂ. ૮૦,૦૦૦ની પણ વધુ રકમની ચોરી થતા ચકચાર મચી જવા પામી હતી.જેથી ગામ લોકોમાં ભયનું વાતાવરણ સર્જાયુ છે. આ બનાવની જાણ પ્રાંતિજ પોલીસને કરતાં પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને તસ્કર ટોળકીને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ શિયાળાની કડકડતી ઠંડી અને અંધારાનો લાભ લઈ તસ્કર ટોળકીએ પ્રાંતિજના વદરાડ ગામના જૈન મંદિરનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી ભગવાનના કિંમતી આભુષણો, હાર, છત્ર અને દાનપેટી તોડી રોકડ રકમ સહિત કુલ રૂ. ૮૦,૦૦૦થી વધુનો મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગઈ હતી. ગ્રામજનોને મંદિરમાં ચોરી થયાની જાણ થતાં મોટી સંખ્યામાં ગ્રામજનો મંદિરે આવી પહોંચ્યા હતા. ગ્રામજનોએ પ્રાંતિજ પોલીસને ઘટનાની જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે આવી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રાંતિજ વિસ્તારના ગામડાઓમાં રાત્રીના સમયે પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવે અને આવા તસ્કરોને ઝડપી પાડવામાં તેવી ઉગ્ર માંગ ગ્રામજનો કરી રહ્યા છે.



સાબરકાંઠા જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૨ અન્વયે આગામી ૧૭મી ડિસેમ્બરના રોજ મતદાન યોજાનાર છે ત્યારે મતદાન જાગૃતિ અભિયાન અંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી અધ્યક્ષ સ્થાને પત્રકાર પરીષદ યોજાઇ હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી શાહમીના હુસેને જણાવ્યું હતું કે, વિધાનસભા સામાન્ય ચૂંટણી જાહેર થયાની તારીખથી સમગ્ર ચૂંટણી -ક્રિયા પુર્ણ ન થાય ત્યાં સુધી સમગ્ર જિલ્લામાં આર્દશ આચાર-સંહિતા અમલમાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમામ મતદાર વિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિ અભિયાનના ભવાઇ, રેલી અને સંકલ્પ પત્રો સહિતના કાર્યક્રમ યોજવામાં આવી રહ્ના છે.અધિક કલેકટરશ્રી એમ.જે.ઠકકરે પત્રકારોનો આર્દશ આચાર સંહિતાના અમલમાં ઘ્યાનમાં રાખવાની જરૂરી બાબતોથી માહિતગાર કર્યા હતા. તેમજ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એ.એફ.બાબીએ ચુંટણી સંબધિત વિવિધ ઁ-ાનો ઉપર વિસ્તૃત ચર્ચા કરી હતી. ે-સ કવરેજ દરમ્યાન ખાસ ઘ્યાનમાં રાખવા જેવી બાબતોની પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. (મગન વણઝારા,હિંમતનગર)

## બનાસકાંઠાની ક્રિકેટ ટીમ અમદાવાદ મોટેરા સ્ટેડીયમમાં રમશે

ડીસા, તા.૧૪

ગુજરાત ક્રિકેટ એસો. સંચાલિત રીલાયન્સ ફેસ ઈન્ટરડીમીક અન્ડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટના ભાગ લેવા માટે બ.કાં. જીલ્લા ક્રિકેટ એસો. ની ટીમ રમવા માટે રવાના થઈ.

આ ગુજરાત ક્રિકેટ એસો. સંચાલિત અન્ડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટમાં બ.કાં. જીલ્લા ક્રિકેટ એસો. ની ટીમ અમદાવાદ ખાતે સરદાર પટેલ મોટેરા સ્ટેડીયમના (સી) મેદાન ઉપર ગુજરાત ક્રિકેટ એસો. ની મેચો રમશે. આ ટુર્નામેન્ટમાં બ.કાં. જીલ્લા ક્રિકેટ એસો. ની ટીમમાં ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરીટેબલ એકેડમી ડીસાના બે ખેલાડી (૧) વિશ્વદિપ સી. જાડેજા (૨) નાઈ અજય એ. ની બ.કાં. જીલ્લાની અન્ડર-૧૪ ટીમમાં પસંદગી થઈ છે.

આ બન્ને ક્રિકેટરો ડીસા શહેરમાં ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ખાતે કાર્યરત ધી કોચીંગ હેઠળ તૈયાર થઈ રહ્યા છે. વિપુલ આલના કોચીંગ હેઠળ ડીસા તેમજ ઉત્તર ગુજરાત ક્રિકેટરો તૈયાર થઈ ગુજરાત ક્રિકેટ એસો. ની ટીમમાં રમી રહ્યા છે. જે બન્ને ડીસા શહેરના અન્ડર-૧૪ ની બ.કાં. જીલ્લા ક્રિકેટ એસો. ની ટીમ પસંદગી થઈ તેમાં ડીસા એકેડમીના વિશ્વદિપ સી. જાડેજાની વાઈસ કેપ્ટન તરીકે પસંદગી કરવામાં આવી છે.

વિશ્વદીપ જાડેજા રાઈટમ ઓફ સ્પીનરર્સ છે. અને વિ ડાઉન બેટીંગ પણ સારી કરે છે. આમ ઉત્તર ગુજરાતમાં ડીસા શહેરમાં ન્યુ ટી.સી.ડી. મેદાન ખાતે કાર્યરત ધી ડીસા ક્રિકેટ એકેડમી જયાં ખેલાડીઓનું ભવિષ્ય રમત-ગમત ક્ષેત્રે આગળ આવે છે. જેમાં બ.કાં. જીલ્લા ક્રિકેટ એસો. સેક્રેટરી તરૂણ જોષી એકેડમીના પ્રમુખ પ્રકાશ ઠક્કર, મંત્રી કમલેશ હેરૂવાલા, ટ્રેઝરર ધર્મેશ વ્યાસ તેમજ એકેડમીના મુખ્ય ક્રિકેટ કોચ વિપુલ આલના અથાગ પ્રયત્નોથી ખેલાડીઓ રાજ્ય સુધી રમી રહ્યા છે.

## શબ્દ સેતુ (પાના નં. ૨જા નું ચાલુ)

'ધન્ય ઘડી' સ્મરણ લેખમાં શ્રી ભાનુભાઈ મામા સાહેબ ફડકેનું સ્મરણ ચિત્ર દોરી આપે છે. ફકે ચિત્તપાવન બ્રાહ્મણ - જે કુળમાં ટિળક, રાનડે, ગોખલે, વિનોબા થયા - એ જ કુળમાં ગોડસે પણ પાક્યો! 'ખાદીની ચડ્ડી ઢિંચણ ઢંકાય એટલી અને ઉપર ખાદીનું અંગરખું! ચિત્તપાવન બ્રાહ્મણ ગાંધીનાં સ્પર્શે સફાઈ કામદારોની સેવામાં ઓગળી ગયો એ ય એક આશ્ચર્ય! એટલે જ કાકાસાહેબ કાલેલકરે ગોધરાની ભૂમિને 'તીર્થોદક' કહી હતી જે પછીથી 'ગોધરાંકાડ' બની ગઈ! મામા સાહેબ ફડકેને ગાંધીજી સાથે ૯૫% મેળ હતો. ગાંધીજી આતંકવાદીઓને 'બીકણ' કહેતા એટલે ૫% ઓછા કર્યાં! જોકે ગોડસે એ એ ૫% પૂર્ણાહૂતિ કરી!

ભાનુભાઈ છેલ્લા પ્રકરણ 'સાંભરશે સથવારો' માં આવા જીવનનું એક રેખાચિત્ર દોરી આપે છે. સરકારી નોકરીને અનુકૂળ તેમનું માનસ જગત નહોતું તેથી લખે છે : 'એ નોકરીના - ગુલામીના દિવસો છાતિમાં ભોંકાયેલા ખીલાની વેદના વચાળે આજેય કયારેક ઊંઘમાં ઝબકી જવાય છે...' વાત સાચી છે. લોકોને સરકારી સત્તાની ખુરશીથી ઈર્ષા થાય છે પણ તેમને ખબર નથી કે ખુરશીમાં તો નકરા ખીલા જ ભોંકાતા હોય છે!

છેલ્લે ભાનુભાઈના પિતાશ્રીનો એક પ્રસંગ માણી સમાપન કરીએ. પછાતપણાનાં કમિશ્નર શ્રી શ્રીકાંત શેઠ ઝાલોદની મુલાકાતે આવેલા. પછાત વર્ગની કેળવણીમાં થયેલ પ્રગતિ સંભળાવવાની હોંશથી આથમતી સાંજે ઝાંડીઝાખરા, કાંકરા વાળા રસ્તે દોડતાં આવેલાં હરિશંકરને સાંભળવાનો શ્રીકાંત શેઠને સમય નહોતો! દિલ્હીનાં કમિશનો આવાં જ હોય છે. આહિં કામથી, ભેટો લેવા અને દ્વારિકાધીશ કે સોમનાથનાં દર્શન કરવા જ આવે છે. એક સફાઇ કામદાર ગામડાંના ચેરમેન હું પોરબંદરના કાદવ અને ગંદકીમાં ખદબદતા સફાઈ કામદારોનાં મહોલ્લામાં લઇ ગયેલો! શ્રી હરિશંકર મહીસાગર પાર કરવા હોડીમાં બેઠો તો હોડી અને હોડીવાળાને સ્નાન કરવું પડેલું! 'પગ મને ધોવા દો રઘુરામ!'

પિતા-પુત્ર બંનેએ અથથી ઈતિ આત્મકથા લખી નથી પરંતુ સ્મરણ ચિત્રોની વીથિકા રચી છે. હુસેન દોશી ગુફામાં આનંદ આવે તેઓ આનંદ આ વીથિકામાંથી પસાર થતાં આવે છે. 'ઉત્તર રામચરિત'નો ભવભૂમિ યાદ આવે, ભરત આવી વીથિકામાંથી પસાર થઇ 'રઘુકુલ રીત' સમજે છે!

(સંપૂર્ણ)

## હૃદયવાસી સર્જકનો સ્વર્ગવાસ (પાના નં. ૨નું ચાલુ)

અશ્વિની ભટ્ટ કયારેય પોતાની જાતને બહુ મોટા લેખક માનતા નહોતા. પણ 'લખવું' એ એમને માટે 'જીવવું' નો પર્યાયવાચી શબ્દ બની ગયું હતું છેલ્લે છેલ્લે એમને પોતે લખવા ધારેલી નવલકથા પુરી કરવાની તીવ્ર લાલસા હતી. તેથી વેન્ટિલેટર પર મુકાતાં પૂર્વે હૃદયરોગના હુમલાથી ઘાયલ થયેલા નવલકથાકારે ડૉકટરને વિનંતી કરી હતી કે મને વધુ નહીં - ફક્ત સાડા ત્રણ વર્ષ વધારે લાંબુ જિવાડો. મારે મારી નવી નવલકથા પુરી કરવી છે અને એને છપાયેલી સ્થિતિમાં જોવી છે. અમેરિકાનાં ડૉકટરો એમની એ માગણી સંતોષી શક્યા નહીં. અશ્વિની ભટ્ટના પ્રકાશક 'નવભારત સાહિત્ય મંદિર' વાળા મહેન્દ્ર શાહ ગળગળા અવાજે કહે છે એમ, 'અશ્વિની ભટ્ટ' નામની નવલકથાનો આમ અણધાર્યો અંત આવી ગયો.

અશ્વિની ભટ્ટ એ ગુજરાતી સાહિત્યની એક અભૂતપૂર્વ 'ઘટના' લેખે આવનારાં અનેક વર્ષો લગી યાદ રહેશે. ગુજરાતી ભાષાને કોઈ જિવાડશે તો આવા લોકપ્રિય લેખકો જ. એમને ફક્ત અને ફક્ત લખવા સાથે મતલબ હતો. પોતાની જાતને એ સુથાર કહેતા, જે એની સામે પડેલા લાકડાના ઠૂંઠાને કલાકૃતિમાં તબદીલ કરવાનો કસબ જાણે છે. એમની વેદના 'જો આ મારૂં પ્રવચન હોય તો' શ્રેણી અંતર્ગત એમને આપેલા વાર્તાલાપમાં કેવી સંઘેડા ઉતાર કવિતા બનીને રેલાઇ છે! જુઓ : 'ગર્વથી હું એટલું જરૂર કહીશ કે મારી નવલકથાઓએ અનેક ગુજરાતીઓને વાંચવા રાખ્યા છે. એટલું જ નહીં, સામાન્યત; 'હું ખાસ ગુજરાતી વાંચતો નથી' તેવું કહેનારા સેંકડો વાંચકોએ મને વાંચ્યો છે. મારે લખવું છે, ખૂબ લખવું છે; હજુય હું લખ્યા તો કરૂં જ છું, પણ - કમબખ્ત બીમારીએ મને નબળો પાડ્યો છે. મારી સ્થિતિ ઘરડા સુથાર જેવી થઈ છે. ફર્નિચર બનાવવામાં તે નિષ્ણાત છે. ઘરાકો પણ છે. તેનું મગજ બરાબર ચાલે છે. ઝાઝરવાળી આંખો છતાં ડિઝાઈનરનું હૂબહૂ પ્રતિબંધ રચે છે. વાંસલો છે, રંધો છે; પણ વાંસલો ઊંચકાતો નથી, રંધો ખેંચાતો નથી. શરીર થાકે છે... હેમિંગ્વેના ડોસાની જેમ હું પણ દિવસ લાંબો થાય તેની આશામાં પેનમાં ખૂટી ગયેલી શાહી પૂર્યા કરૂં છું... પેનમાંથી અક્ષરો ટપકી પડે તેની રાહ જોઉં છું...'

અશ્વિની ભટ્ટની વિદાયથી ગુજરાતી સાહિત્યજગતમાં ફિકશનક્ષેત્રે પડેલો ખાલીપો ભરાય ત્યારે ભરાયો જાણવો. આવા એક મોટા ગજાના સર્જકને ગુજરાતી ભાષાના મઠાધીશોએ કયારેય લેખોમાં જ ન લીધો, તે શું આપણી ભાષાની વિડંબના નથી? ગત વર્ષ દરમિયાન આપણી વચ્ચેથી વિદાય થયેલા ભૂપત વડોદરિયા કે આ વર્ષાન્તે ઍક્ઝિટ મારી ગયેલા અશ્વિની ભટ્ટને ગુજરાતની પ્રજા તો આવનારાં વર્ષોમાં વર્ષો પર્યંત સંભારશે પણ એમને મળવું જોઈતું માન એમની હયાતીમાં નહીં સંપડાવનાર આપણા કહેવાતા મઠાધીશોને એ કયારેય માફ કરી શકશે ખરી? શું અશ્વિની ભટ્ટ કેન્દ્રીય સાહિત્ય અકાદમીના પારિતોષિક માટે કે રણજિતરામ સુવર્ણ ચંદ્રક માટે લાયક નહોતા?